# સાબરકાંઠામાં ૪૮ કલાકમાં નવા ૨૧ કેસ : કુલ આંક ૫૫૯

હિંમતનગર, તા. ૧૩ સાબરકાંઠા જિલ્લામાં દિન-પ્રતિદિન કોરોના પોઝિટીવ કેસની સંખ્યા ઘટવાને બદલે વધી રહી છે ત્યારે છેલ્લા ૪૮ કલાકમાં જિલ્લામાં નવા ૨૧ કેસનો ઉમેરો થયો છે અને ગુરુવારે કુલ પોઝિટીવ કેસનો આંક ૫૫૯ પર પહોંચી ગયો છે જે ગંભીર બાબત ગણી શકાય. તહેવારો દરમિયાન સતત વધી રહેલા કોરોના પોઝિટીવના કેસને લઈને જિલ્લાની પ્રજાએ વધુ જાગૃત થવાની જરૂર છે.

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગત મંગળવારે સાંજે પાંચ વાગ્યાથી બુધવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૧૧ કેસ નોંધાયા હતા. જેમાં હિંમતનગરના ૭ કેસ છે, જે પૈકી મોતીપુરા વિસ્તારમાં ૫૨ વર્ષિય મહિલા, સાકાર બંગ્લોઝમાં ૭૮ વર્ષિય પુરુષ, મહાવીરનગરની વિશ્વકર્મા સોસાયટીમાં ૨૭ વર્ષીય પુરુષ, પરબડામાં ૬૬ વર્ષીય પુરુષ, ભોલેશ્વરમાં ૩૮ વર્ષીય પુરુષ અને સવગઢમાં ૫૯ વર્ષિય મહિલા કોરોનામાં સપડાયા છે.

તે જ પ્રમાણે પ્રાંતિજ તાલુકાના પીલુન્દ્રા ગામમાં ૪૦ વર્ષીય પુરુષ, તલોદ તાલુકાના પુંસરી ગામમાં ૫૭ વર્ષીય પુરુષ સહિત ઈડરની જુનની પોસ્ટ ઓફિસ નજીક રહેતા ૮૫ વર્ષીય મહિલા, શ્રીનગર સંસ્કાર સ્કૂલની સામેના વિસ્તારમાં ૪૬ વર્ષીય પુરુષ તથા ઈડરના બંગ્લોઝ વિસ્તારમાં રહેતા ૫૬ વર્ષીય પુરુષનો બુધવારે કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો હતો.

આ ઉપરાંત જિલ્લામાં બુધવારે સાંજે પાંચ વાગ્યાથી ગુરુવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં નવા ૧૦ કેસ ઉમેરાયા છે. જોકે ૪૪૩ દર્દીઓને સમયસરની સારવાર મળતા તેઓ કોરોના મુક્ત બન્યા છે તેમ છતાં જિલ્લામાં અત્યારે ૧૦૯ કેસ એક્ટીવ છે.

જોકે ગુરુવારે આરોગ્ય વિભાગના ચોપડે જે નવા ૧૦ કેસ નોંધાયા છે તેમાં હિંતનગરના પાંચ કેસ છે. જે પૈકી રણછોડરાય સોસાયટીમાં ૫૦ વર્ષીય પુરુષ, અમરપાર્કમાં ૫૨ વર્ષીય મહિલાના કોરોનાના લક્ષણો પોઝિટીવ આવ્યા છે.

આ ઉપરાંત ઈડરની મદની સોસાયટીમાં ૬૭ વર્ષીય પુરુષ, શ્રીનગર રોડ વિસ્તારમાં ૬૩ વર્ષિય પુરુષ તથા ખેડબ્રહ્માના સ્ટેશન રોડ વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષિય પુરુષ અને વડાલીની મેમન કોલોનીમાં ૭૩ વર્ષીય શખ્સ અને હાથરવા ગામમાં રહેતા ૪૨ વર્ષિય પુરુષનો રીપોર્ટ પોઝિટીવ આવ્યો છે.



કોરોના મહામારી વચ્ચે આજે પાલનપુર-ડીસા હાઈવે પર દૂધ ભરેલુ ટ્રેલર પલટી મારી જતાં દૂધની રેલમછેલ થઈ હતી. જેને લઈ સ્થાનિકોએ રીતસરની દૂધની લૂંટ ચલાવી હોય તેમ ડોલ અને બરણીઓ લઈને દૂધ લેવા ભીડ ઉમટી પડી હતી. જેને લઈ ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠાં થયા બાદ થોડીક વાર માટે ટ્રાફીકજામના દ્રશ્યો સર્જાયા હતા. બનાસકાંઠા જીલ્લાના પાલનપુર-ડીસા હાઈવે પર લડબી નાળા નજીક દૂધ ભરેલુ ટ્રેલર પલટી મારી ગયુ હતુ. આજે સવારના સમયે એરોમા ફેક્ટરી નજીકના વળાંક પાસે દૂધ ભરેલુ ટ્રેલર પલટી મારી જતાં રસ્તા પર દૂધની રેલમછેલ જોવા મળી હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો ડોલ અને બરણી લઈને દૂધ લેવા દોડી આવ્યા હતા. આ ઘટનામાં હજી સુધી કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી.

# હિંમતનગરમાં ૩ અને ઈડરમાં ૨ ઈંચથી વધુ વરસાદ

હિંમતનગર, તા. ૧૩ સાબરકાંઠા જિલ્લામાં સાતમ-આઠમના તહેવારો દરમિયાન મેઘરાજાએ મહેર કરીને વરસતા જાણે કે ધરતી લીલુડી બની ગઈ છે. દરમિયાન જનમાષ્ટમીના દિવસે મેઘરાજાએ જાણે કે કૃષ્ણ જન્મોત્સવ ઉજવવા માટે આવેલા ભક્તોને રીઝવવા માટે મહેર કરીને વાતાવરણને ખુશનૂમા બનાવી દીધું હતું અને છેલ્લા ૨૪ કલાકમાં હિંમતનગરમાં ૩ અને ઈડરમાં ૨ ઈંચથી વધુ વરસાદ જિલ્લાવાસીઓને વરસાદી માહોલમાં તરબોળ કરી દીધા છે. જોકે ખેડબ્રહ્માં પોશીના અને વડાલીમાં પણ એક ઈંચથી વધુ વરસાદ થયાના અહેવાલ સાંપડ્યા છે.

આ વખતે સાબરકાંઠા જિલ્લામાં સાતમ-આઠમના તહેવારો પર મેઘરાજાએ જાણે કે અગાઉથી મન મૂકીને વરસવાનું નક્કી કર્યું હોય તેમ નાગપાંચમથી લઈને જન્માષ્ટમી સુધી વરસાદી માહોલ બનાવીને જાણે કે તમામ તાલુકાઓને સરખો ન્યાય આપવાનું નક્કી કર્યું હોય તેમ તબક્કાવાર દરેક તાલુકાને તેનો લાભ આપ્યો છે. જે મુજબ અગાઉના દિવસોમાં તલોદ અને પ્રાંતિજ તાલુકાને વરસાદી પાણીથી ભીંજવી દીધા હતા. ત્યારબાદ પોશીના અને વિજયનગરને પણ તેનો લાભ આપ્યો છે. દરમિયાન છેલ્લા ૨૪ કલાકમાં મેઘરાજાએ હિંમતનગર અને ઈડર પર મહેર કરી છે.

જેના ભાગરૂપે હિંમતનગર તાલુકામાં અંદાજે ૭૦ મી.મી.થી વધુ જ્યારે ખેડબ્રહ્મા, પોશીના અને વડાલી તાલુકામાં ૨૮મીમીથી વધુ વરસાદ વરસ્યો છે. તે જ પ્રમાણે તલોદમાં ૮, પ્રાંતિજમાં ૧૧ અને વિજયનગર તાલુકામાં અંદાજે ૧૪ મીમીથી વરસાદ થયો હોવાનું ગુરુવારે ડિઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયું છે. જિલ્લામાં અત્યાર સુધી સરેરાશ મોસમનો કુલ વરસાદ ૩૧૦૩ મીમી થયો છે. ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ પ્રાંતિજ તાલુકામાં ૬૬.૧૮ ટકા જ્યારે સૌથી ઓછો વરસાદ વડાલી તાલુકામાં ૩૧.૪૩ ટકા પડ્યો છે.

બાકીના તાલુકાઓની વાત કરીએ તો ખેડબ્રહ્મામાં ૫૨.૫૬, તલોદમાં ૬૩.૦૭, પોશીનામાં ૪૨.૫૮, વડાલીમાં ૩૧.૪૩, વિજયનગરમાં ૪૭.૩૪ જ્યારે હિંમતનગરમાં ૫૨.૧૭ ટકા વરસાદ થયો છે અને જિલ્લામાં સરેરાશ વરસાદની ટકાવારી ૪૮.૬૧ ટકા થવા જાય છે. જોકે ગુરુવારે જિલ્લાના મોટાભાગના સ્થળે સવારથી જ વરસાદી માહોલ રહેવા પામ્યો હતો અને તમામ ઠેકાણે સામાન્યથી હળવો વરસાદ પડ્યો છે. તો બીજી તરફ હવામાન વિભાગની આગાહી મુજબ સારકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં તા. ૧૫થી ૧૭ઓગસ્ટ દરમિયાન હળવાથી ભારે વરસાદ થવાની શક્યતા છે. જેને લઈને જિલ્લામાં આવેલા મોટા જળાશયો તથા નાના તળાવો અને નદી નાળામાં નવા નીર આવવાની જિલ્લાવાસીઓ રાહ જોઈ રહ્યા છે.

## બાયડ તાલુકાના અમોદરા ગામે ખેતરમાં મગર દેખાતા લોકોમાં ભય છવાયો

બાયડ બાયડ તાલુકાના અમોદરા ગામે ખેતરમાં છ ફૂટનો



મગર દેખાતા લોકોમાં ભય છવાયો હતો ખેડૂત દ્વારા રાત્રી દરમિયાન ખેતરમાં ગયા હતા ત્યારે મગર જોવાતા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા ગ્રામજનો દ્વારા વન વિભાગ તથા વગડો ચેરીટેબલ ટ્રસ્ટ ને જાણ કરવામાં આવી હતી. વનવિભાગની ટીમ તથા વગડો ચેરીટેબલ ટ્રસ્ટ ની ટીમોએ ભારે જહેમત ઉઠાવી છ ફૂટ ના મગરને સુરક્ષિત રીતે પકડી પાડતા ગ્રામજનો ને રાહત થઈ હતી. છ ફૂટના મગરને પકડી પાડી સુરક્ષિત જગ્યાએ વનવિભાગ દ્વારા મૂકી દેવામાં આવ્યો હતો.

## અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ ગઢીમાતા મંદિરના પ્રવેશદ્વારનું ઉદઘાટન કરાયું

અરવલ્લી જિલ્લાના ધનસુરાના પ્રસિધ્ધ ગઢીમાતાના મંદિરના



પ્રવેશદ્વારનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું હાલ મંદિરમાં નવીનીકરણ થઈ રહ્યું છે લાખો રૂપિયાના ખર્ચે અદ્યતન મંદિર બની રહ્યું છે ત્યારે મંદિરના મુખ્ય પ્રવેશદ્વારનું ઉદઘાટન દાતા શ્રીમતી યોગિનીબેન રાજેન્દ્રકુમાર મહેતાના હસ્તે રાખવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધનસુરા રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પૂરણશરણ દાસજી મહારાજ, સાબરડેરીના ડીરેક્ટર કાંતિભાઈ પટેલ, દાતાશ્રીના પતિ રાજેન્દ્રભાઈ મહેતા, મનહરભાઈ પંચાલ સાથે વિશાળ સમુદાયમાં માઈ ભકતો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધનસુરા રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પૂરણશરણ દાસજી મહારાજે ઉપસ્થિત દાતાશ્રીઓ અને માઈભકતોનો આભાર માન્યો હતો.

## ડીસાના વોર્ડ નંબર ૧૧માં સામેલ ભોપાનગર વિસ્તારની બદ હાલત

### નગરસેવકો ફરકતા પણ ન હોવાથી સ્થાનિક રહીશો ત્રાહિમામ

ડીસા, તા. ૧૩ સમગ્ર જિલ્લામાં કોરોના વાયરસની મહામારી ચાલી રહી છે ત્યારે પાલિકાના ઓરમાયા વલણનો ભોગ બનેલા ડીસાના વોર્ડ નંબર ૧૧માં આવેલા ભોપાનગર સભ્યો ચુંટાયા છે પરંતુ હજુસુધી આ વિસ્તારમાં ફરક્યા પણ નથી તો બીજી બાજુ ગટરનાં ગંદા પાણી ભરાતા રાજપુર ગવાડી વિસ્તારમાં જવાનો રસ્તો પણ બંધ થઈ ગયો છે. શાળાના ટાઈમે નાના દ્વારા વિકાસના કામોની મોટી મોટી વાતો કરવામાં આવી રહી છે ત્યારે ભાજપ સાશીત ડીસા નગરપાલિકાના શ્રમજીવી વિસ્તારોને વિકાસના કામોથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.



માળી વાસ પ્રાથમિક સુવિધાઓથી પણ વંચિત રહી જવા પામ્યો છે. ખાસ કરીને ગંદકીના ઢગ સાથે કિચડની સમસ્યાથી આ વિસ્તારના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. નગરપાલિકામાં સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવે છે પરંતુ નગરપાલિકાના સત્તાધિશો દ્વારા આજદિન સુધી ગંદકીનો નિકાલ કરવામાં આવતો નથી સરકારની ભુગર્ભ ગટર યોજનાથી પણ આ વિસ્તાર બાકાત રાખવામાં આવ્યો છે જેથી સ્થાનિકો દ્વારા ચુંટાયેલા સભ્યો સામે ભારે નારાજગી વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ વિસ્તારમાંથી ચાર બાળકોને અભ્યાસ કરવા માટે ગટરના ગંદા પાણી તથા કીચડમાથી પસાર થવું પડે છે અત્યારે શાળા બંધ છે પરંતુ શાળા ચાલું થશે ત્યારે બાળકોને અભ્યાસ કરવા શાળામાં જવા ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. રાજય સરકાર દ્વારા નગરપાલિકા વિસ્તારમાં વિકાસના કામો કરવા લાખો કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે જ્યારે આ વિસ્તારના લોકો ટેક્સરૂપે વેરો પણ નગરપાલિકામાં ભરી રહ્યા છે છતાં આ વિસ્તારમાં વિકાસના કામો કરવામાં કયો ગ્રહ નડી રહ્યો છે ? સમગ્ર ગુજરાતમાં ભાજપ સરકાર નગરપાલિકાના પ્રમુખ તથા ચુંટાયેલા સભ્યો પોતાના ઘર વિસ્તાર આસપાસમાં વિકાસના કામો કરી વાહવાહી મેળવી રહ્યા છે પરંતુ ચુંટાયેલા સદસ્યો દ્વારા શ્રમજીવી વિસ્તારોમા વિકાસના કામો કરવામાં આવતા નથી. ચુંટણી ટાઈમે મોટા મોટા વચનો આપી મતદારોને લલચાવી ફોસલાવીને વોટ લઈ જાય છે પછી પાંચ વર્ષ સુધી તેમના વિસ્તારમાં ફરકતાં પણ નથી ત્યારે પ્રજા સાથે વિશ્વાસ ઘાત કરનાર ચુંટાયેલા સદસ્યોને આ વખતે રહીશો આવનારી નગરપાલિકાની ચૂંટણીમાં પરીવર્તન લાવશે તેવી શક્યતા સેવાઈ રહી છે.

## અરવલ્લી એસપી સંજય ખરાત બન્યા સાયબર ક્રાઈમનો શિકાર

### રાજ્યના અન્ય આઈપીએસ અધિકારીઓના ફેક ફેસબુક એકાઉન્ટ બન્યા

વિશ્વમાં સાયબર ક્રાઈમના ગુન્હાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. થોડા સમય અગાઉ વિશ્વની નામાકિંત હસ્તીઓના ટ્વીટર એકાઉન્ટ હેક થવાની ઘટના બની હતી. રાજ્યમાં સાયબર ક્રાઈમ અટકાવવા સાયબર પોલીસ મથક ઉભા કરવામાં આવ્યા છે ત્યારે આજે અરવલ્લી નવનિયુક્ત એસપી સંજય ખરાત સહીત રાજયના નિવૃત્ત આઈપીએસ અધિકારી ધર્મેન્દ્રસિંહ વાઘેલા (ડી.બી. વાઘેલા)નું ફેક એકાઉન્ટ બનાવી હોવાનું બહાર આવતા પોલીસબેડામાં ખળભળાટ મચ્યો છે. સાયબર ચોરે બંનેના નામે એકાઉન્ટ બનાવી અને તેમના સંખ્યાબંધ સંબંધી-મિત્રોને રિકવેસ્ટ મોકલી અને મેસેજ પણ કર્યા છે. કેટલાક મિત્રો અને સંબંધીઓને મેસેજ કરી ગુગલ પે અને પેટીએમ દ્વારા પૈસા મોકલવા કહેવામા આવી આવી રહ્યું છે. હાલ એસપી સંજય ખરાતે એફબીની મુખ્ય ઓફિસમાં જાણ કરી તાબડતોડ એકાઉન્ટ સપ્સેન્ડ કરાવી દીધું છે. પોલીસ અધિકારીઓના નામે એકાઉન્ટ બનાવી સાયબર ગુનેગારોએ પોલીસને ચેલેન્જ ફેંકી છે.



આ અંગે એસપી સંજય ખરાતના જણાવ્યા અનુસાર ગત રાત્રીએ તેમના નામનું કોઈ અજાણ્યા શખ્સે ફેસબુક એકાઉન્ટ બનાવી તેમના પિતાને રિકવેસ્ટ મોકલતા તેમના પિતાએ જાણ કરતા તેમના નામે ફેસબુક એકાઉન્ટ બનાવવામાં આવ્યું હોવાની જાણ થઈ હતી. સાયબર ચોરે તેમના ફોટો મૂકી ફેક એકાઉન્ટ બનાવી તેમના પરિવારજનો, મિત્રો અને અલગ અલગ લોકોને રિકવેસ્ટ મોકલી મેસેજ કર્યા હતા અને ઓનલાઈન પેમેન્ટ એપ્લિકેશન મારફતે પૈસા મોકલવાનું પણ જણાવી રહ્યો હતો તેઓએ તેમના ફેસબુક પર ફેક એકાઉન્ટનો ફોટો મૂકી અને પોસ્ટ લખી છે કે મારા નામે ફેક એકાઉન્ટ છે, અજાણ્યાં વ્યક્તિએ કર્યું છે કોઈએ જવાબ આપવો નહિં. તેમજ ટ્વીટર અને વોટ્સઅપ સ્ટેટ્સ સહીત પર તેમના ફેક બનેલ ફેસબુક એકાઉન્ટ અંગે માહિતગાર કર્યા હતા. અરવલ્લી સાયબર ક્રાઈમમાં અરજી આપી છે અને આવતીકાલે ખોટું ફેસબુક એકાઉન્ટ બનાવનાર સામે ફરિયાદ નોંધાવવામાં આવશેનું જણાવ્યું હતું.



## ધનસુરામાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી

ધનસુરામાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ધનસુરાના સ્વામનારાયણ મંદિર અને રામજી મંદિરમાં પણ કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મંદિરમાં ૧૨ વાગે ભગવાનના જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ૧૨ વાગતા મંદિરો નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી ના નાદથી ગુંજી ઉઠ્યા હતા. સાથે ભગવાનની આરતી પણ ઉતારવામાં આવી હતી. ભક્તોએ માસ્ક પહેરી અને સોશિયલ ડિસ્ટન્સ જાળવીને ભગવાનના દર્શન કર્યા હતા. સાથે ભગવાનની પ્રસાદીનો પણ લાભ લીધો હતો.

## ડીસાના સેવાભાવીનું પદ્મશ્રી એવોર્ડ માટે નોમિનેશન

ભારત સરકાર દ્વારા દર વર્ષે ૧૫મી ઓગષ્ટના સ્વાતંત્ર્ય દિને વિજ્ઞાન અને ટેકનોલોજી, કૃષિ, સાહિત્ય અને કલા, સેવાકીય પ્રવૃત્તિઓ, પત્રકારત્વ તેમજ અન્ય



ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનારને પદ્મશ્રી એવોર્ડ એનાયત કરવામાં આવે છે. જેના નોમિનેશન માટે અગાઉથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ વખતે બનાસકાંઠા જિલ્લાના ડીસાના આજીવન સેવાના ભેખધારી બળદેવભાઈ રાયકાનું નોમિનેશન તેમના ઉર્જા વિભાગના ડિવિઝન અને સર્કલ લેવલના અધિકારીઓદ્વારા કરવામાંઆવ્યુછે.

## સાબરકાંઠામાં જન્માષ્ટમીની ઉજવણી ફીક્કી રહી

### કોરોનાને લીધે સરકારે મુકેલા પ્રતિબંધથી લોકો ઘરોમાં પુરાઈ રહ્યા : કૃષ્ણ મંદિરોમાં થયેલી ઉજવણીમાં ભક્તોની પાંખી હાજરી

હિંમતનગર, તા. ૧૩ સાબરકાંઠા જિલ્લામાં બુધવારે જન્માષ્ટમી હોવા છતા સરકારની પ્રતિબંધને લઈને કોઈ લોકમેળા યોજાયા ન હતા તથા રાત્રે કૃષ્ણ જન્મોત્સવ પણ મંદિરના બંધ બારણે અને ભક્તોની પાંખી હાજરી વચ્ચે ઉજવાયો હતો. ત્યારબાદ ગુરૂવારે પારણા નિમિત્તે પણ ખાસ ભક્તો ભગવાનને પારણે ઝુલાવવા માટે આવતા ખચકાતા હતા.

બુધવારે જન્માષ્ટમી હોવાને નાતે હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે આવેલા દેવાલયો અને કૃષ્ણ મંદિરોમાં દર વર્ષની જેમ આ વર્ષે ભક્તોની ભીડ જોવા મળી ન હતી કારણ કે જન્માષ્ટમીની ઉજવણી સાદાઈથી કરવા માટે કરેલા ફરમાન બાદ લોકો પોતાના ઘરે સોશિયલ મિડિયા તથા ટીવીના માધ્યમથી મંદિરોમાં બિરાજમાન ભગવાન શ્રીકૃષ્ણના દર્શન કર્યા હતા. દરમિયાન હિંમતનગરના ખાડીયા વિસ્તાર નજીક આવેલ હરસિદ્ધ માતાજીના મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવની સાદાઈથી ઉજવણી કરાઈ હતી. તેજ પ્રમાણે ખાડીયામાં આવેલ મહામંદિર ખાતે પણ ઉજવણી દરમિયાન પણ ભક્તોની પાંખી હાજરી વચ્ચે રાત્રે ૧૨ વાગે ઘંટનાદ તથા ઝાંઝરના તાલે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો હતો.

તેજ પ્રમાણે પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના તથા વિજયનગર તાલુકામાં પણ કૃષ્ણ જન્મોત્સવની સાદાઈથી ઉજવણી કરાઈ હતી. ત્યારબાદ હિન્દુ શાસ્ત્ર મુજબ ગુરૂવારે પારણા હોવાથી કાનુડાને હિંચકે ઝુલાવવાની પ્રથા ચાલુ રહી હતી પરંતુ ખાસ કરીને મહિલાઓ આ દિવસે મંદિરના દર્શને વધુ જતી હોય છે પરંતુ કોરોનાને લઈને મોટાભાગના મહિલા વર્ગે નિરૂત્સાહ દાખવ્યો હતો તેમ છતાં નિયમીત દર્શન કરવા જતા મહિલા વર્ગે મંદિરમાં પ્રવેશતાની સાથે જ સોશિયલ ડીસ્ટન્સ અને માસ્ક ધારણ કરવાનું ભુલ્યા ન હતા.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

## ખેડબ્રહ્મા શહેરમાં શ્રાવણીયો જુગાર રમતા પાંચ ઝડપાયા

ખેડબ્રહ્મા, તા. ૧૩ ખેડબ્રહ્મામાં જન્માષ્ટમી નિમિત્તે જુગાર પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ચંચળબા સ્કૂલ પાસે એક મકાનની લોબીમાં કેટલાક ઈસમો તીન પત્તિનો જુગાર રમી રહ્યા હતા. જેને લઈ પોલીસે તપાસ કરતા ત્યાં જુગાર રમતા લોકો પોલીસને જોઈ પત્તા અને રૂપિયા મુકી ભાગવા જતા પોલીસે પકડી લીધા હતા. તેમને પકડી જુદી જુદી ચલણી નોટો કુલ ૨૫,૨૦૦ તથા ૨ મોબાઈલ ૩૫૦૦ મળી કુલ ૨૮,૭૦૦ના મુદામાલ સાથે નરેશભાઈ દઈસુખભાઈ દેવીપૂજક, અર્જુનભાઈ દેવરાજભાઈ ઓડ, કિરણભાઈ ડાહ્યાભાઈ વાઘરી, વિક્રમભાઈ દલસુખભાઈ વાઘેલા, સુરેશભાઈ અંબાલાલ ભાટને પકડી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

## મોડાસા દ્વારા કૃષ્ણપ્રિય કદમના વૃક્ષારોપણથી ઉજવણી

હરીયાળુ મોડાસા આપણું મોડાસાનું અભિયાન જાયન્ટ્સ મોડાસા દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે. છેલ્લા પંદર દિવસથી ૩૦૦૦ થી વધુ વૃક્ષોનુ રોપણ કરવામાં આવ્યું છે. આજે જન્માષ્ટમી ભગવાન કૃષ્ણના જન્મ દિન નિમિત્તે તેમના પ્રિય વૃક્ષ કદમના વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જાયન્ટ્સ મિત્ર મેહુલ જોષીનો જન્મદિવસ હોવાથી તેમના હાથે વૈદિક મંત્રોચાર સાથે પીપળા કદમના વૃક્ષનું પૂજન ઉમિયા મંદિરના મહંત વિષ્ણુપ્રસાદ મહારાજે કરાવ્યું હતું. વૃક્ષારોપણની શરૂઆત કરવામાં આવી હતી, આ કાર્યક્રમમાં જાયન્ટ્સ પીપલ્સ ફાઉન્ડેશનના વા. ચેરમેન નિલેશ જોશી, પ્રવીણ પરમાર, ભરત પરમાર, ચિરાગ શાહ, રાકેશ ઉપાધ્યાય, ચેતન તીર્થાણી, વિનોદ પટેલ, અમિત કવિ સૌ સભ્યો જોડાયા.

